

# મા સે બઢકર કુછ નહિ, ક્યા પૈસા ક્યા નામ, ચરણ ધુએ ઔર હો ગયે તીરથ ચારોં ધામ'

**જીવન સરગમ**
બિન્દુબેન કચરા

એક ગોઝારા દિવસે રમાબહેનના પતિનું અવસાન થયું અને આશરે 55 વર્ષનાં રમાબહેનને કપાળે વિધવાનું લેબલ લાગી ગયું. શરૂઆતમાં તો તેમને સાંત્વન થયું. હાશ! હું મારા ધણી વિનાની થઈ ગઈ છું પરંતુ પ્રભુ તારો પાડ-આભાર છે કે એકના એક દીકરા-વહુ પોતાને સારી રીતે રાખે છે... પરંતુ એમને ખબર નહોતી કે આ સઘળી શિયાળ જેવી લુચ્ચી 'ચાલ' એ બંનેની હતી.

કેટલાક દિવસો સુધી આ દીકરા-વહુએ રમાબહેનને લાગણીના ધોધમાં ખૂબ તરબોળ કરી દીધાં, એવાં ઘેલાં કરી દીધાં કે દીકરા-વહુએ પોતાનાં નામે મકાન કરી દીધું- અન્ય રોકાણ જે કંઈ થોડાં ઘણાં હતાં એ પણ દીકરા-વહુએ નામે કરી દીધાં. રમાબહેને વિચાર્યું હું પણ હવે ખર્યું પાન કહેવાઉં તો રૂપિયા, મકાન ગળે શું કામ બાંધી રાખું. મને દીકરા-વહુ સારી રીતે રાખે છે તો પછી શું ગભરાવાનું...!

બસ, એમ કરતાં દીકરા-વહુએ પોતાનું મૂળ-લુચ્ચું પોત પ્રકાશ્યું અને... અને.... એક દિવસ શહેરના વૃધ્ધાશ્રમમાં રમાબહેનને ધકેલી દીધાં.... વાયદા મોટા મોટા કર્યા, અમે તમને વચ્ચે કંઈ લેવું-દેવું હશે તો પૈસા આપશું- મૂંઝાતા નહીં. મહિનામાં બે-એક વાર મળવા આવશું... પરંતુ એ તો વાયદા હતા. એ કંઈ નિભાવવાના હોય?

આજે આ વૃધ્ધાશ્રમમાં એક શેઠ દાન-પુણ્યનાં કામ અર્થે પધાર્યા છે... સૌ કર્મચારીઓ તેની સાથે ચર્ચા અને સેવામાં મશગુલ હતા ત્યાં તો શેઠની નજર આશ્રમની કચેરી બહાર પરસાળ ઉપર પડી! અને જોયું તો એક માજી ત્યાં રાખેલા ભગવાનના ફોટાને નમી નમીને આજીજી કરતાં હોય, બંને હાથ ઊંચા કરી કરીને કોઈને જાણે આશીર્વાદ આપતાં હોય, પછી દુઃખડા લઈ 'ટાચકા' ફોડતાં હોય એવું કરતાં હતાં... આ સઘળું જોઈ શેઠને નવાઈ લાગી કે માજી આ શું કરતાં હશે? એ રમાબહેન હતાં...!! શેઠે એમને માણસો મારફત પોતાની પાસે બોલાવ્યાં અને પૂછ્યું- ''બા, તમે આ શું સઘળું હાથથી કરતાં હતાં? હું કંઈ સમજી ન શક્યો!''

રમાબેને કહ્યું- ''શેઠ જે દીકરાઓ બાને ન સમજી શકે એના જ બાઓ આવા આશ્રમમાં હોય પણ એ બાઓ તો દીકરાને સમજતી હોય છે. આજે મારા દીકરાનો જન્મદિવસ છે. એ ભલે મને ભૂલી ગયો હોય પરંતુ હું એક મા છું, પ્રસૂતાની પીડામાંથી સંપન્ન થયેલ પુષ્પને હું કેવી રીતે ભૂલું? હું પ્રભુને પ્રાર્થના કરી કરગરી- વિનંતી કરી રહી હતી કે પ્રભુ એમને સુખી રાખજે, કદી દુઃખી ન કરતો અને પછી એમને હું આશીર્વાદ આપી રહી હતી. એમના સુખશાંતિ ખાતર દુઃખડા લેતી હતી. ઓવારણાં ઉતારી રહી હતી.''

એમ કહેતાં રમાબહેન આશ્રમના રસોડા તરફ દોડી ગયાં અને મુખ્ય રસોઈમાં ભાઈને કરગરીને કહેવા લાગ્યાં, ''ભાઈ, આજે મારી થાળીમાં એક ચમચી ખાંડ અથવા તો ગોળ મૂકજો... તમને ખબર છે આજે મારા દીકરાનો જન્મદિવસ છે. મોઢું મીઠું તો કરવું જોઈએ ને?''

શેઠ અને અન્ય સૌ વિચારી રહ્યા ખરેખર મા બનાવીને ભગવાને હાથ ધોઈ નાંખ્યા છે.

'છોરું કછોરું થાય પરંતુ માવતર કદી કમાવતર ન થાય!

'મા', આ એક જ અક્ષરમાં મહાસાગર જેવી મીઠાશ છલકે છે, એ સંબંધ જ એવો છે કે એમાં મીઠાશ જ છલકતી અનુભવી શકાય, કારણ માતૃવાત્સલ્યનો 'રીમોટ' તો 'મા'ના જ હાથમાં હોય! સાચું સ્વર્ગ માતાના ચરણોમાં જ છે. માતા વિના કોઈ પણ વ્યક્તિ, વિભૂતિનું અવતરણ શક્ય જ નથી.

**આજની મમ્મીઓ પાસે બે નહીં અનેક પાંખો છે, બાળકની સાથે પોતાનું કામ અને પોતાના શોખ જાતે મેનેજ કરી શકે છે. સ્વતંત્રતા, આત્મનિર્ભરતા, આવડત અને હોંશિયારી, પરિવારનો સપોર્ટ આવી પાંખો મળી છે તેથી તે મુક્તપણે ઊડી શકે છે**

સો ઈશ્વર બરાબર એક મા...! કેમ કે ઈશ્વર હજુ કલ્પનાનો વિષય હશે જ્યારે મા ધરતી પરની વાસ્તવિકતા છે. મા તો સાક્ષાત હાજરાહજૂર છે. પૂર્ણ કૌશલ્યથી માતા બાળકની આકૃતિ ઘડે છે, હૃદયના લોહીથી સીંચેલા રંગોથી એને રંગે છે. પ્રસૂતિની વેદનાને એક બાજુ હડસેલીને જ્યારે માતા હસી પડે છે તે ઈશ્વરનો સૌથી મોટો ચમત્કાર છે. મા એટલે ચિત્કાર અને ચમત્કાર, મા એટલે જ પ્રેમ અને સમર્પણ માનો પ્રેમ અતલાન્ત હોય છે. શિશુને સ્તનપાન કરાવતી માતા એટલે મૃદુલ સ્પર્શનું મહાકાવ્ય. હમણાં એક સ્કૂલમાં એક માતૃસંમેલનમાં જવાનું થયું, એમાં મહાનુભાવોના વકતવ્ય પછી વિદ્યાર્થીઓની એક સરસ સ્પર્ધા રાખવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીએ માઈક પાસે આવીને 'માતા' વિશે માત્ર એક વાક્ય કે પંક્તિ રજૂ કરવાની હતી. મોટે ભાગે જાણીતી પંક્તિઓ જ રજૂ થતી હતી પણ એક વિદ્યાર્થીએ નવી જ રજૂઆત કરી.

'આપણને માલામાલ કરી મૂકે એ મા...!' આનંદની વાત એ બની કે એ વિદ્યાર્થી પછી તરત ક્રમે આવેલા નવા વિદ્યાર્થીએ આ વાક્યમાં સહેજ ફેરફાર કરીને કહ્યું- 'આપણને જીવનભર માલામાલ રાખે એ મા હોય છે.'

વાત તો સો ટકા સાચી. પૈસાથી માલામાલ નહીં પણ સંસ્કારોના સંવર્ધનથી માલામાલ રાખે છે. માતા માટે બાળક એ એની જિંદગીનો ભાગ નહીં પણ જિંદગી બનીને રહ્યું છે. અત્યાર સુધી માતાના ત્યાગની સાથે સમાધાન, સંઘર્ષની સાથે પીડા, સમર્પણની સાથે ફરજ અને સ્નેહની સાથે જવાબદારી જોડાયેલી રહેતી. એના ગૌરવમાં ક્યાંક ક્યાંક બિચારાપણાંનો અહેસાસ વર્તાતો, કદાચ એ સમયની માતાની એ તાસીર હતી પણ આજે સ્ત્રીની સાથે માતા પણ બદલાઈ છે. એ બિચારી- બાપડી નહીં જાજરમાન બની છે. સમયની સાથે તાલ મિલાવીને ચાલે છે.




તમે જુઓ જરા આજની મમ્મીઓને... એકદમ કોન્ફિડન્ટ... ન ફીગર માટે કોઈ અફસોસ, પોતાની જાતે પોતાની ખુશી શોધી લે છે. એનું ધ્યાન બાળકની પ્રગતિમાં વધુ છે. એ બાળકને ભણાવે છે, ટ્યુશને લેવા-મૂકવા જશે. સ્કૂલના પ્રોજેક્ટ માટે મોડી રાત સુધી જાગશે, સ્પોર્ટસ માટે બાળકો સાથે દોડાદોડ કરશે.

પેરેન્ટ્સ મીટિંગમાં ભૂલ્યા વિના હાજરી આપશે. બાળકોને ગાર્ડન, જંપીંગ, ગેમઝોન કે એમ્યુઝમેન્ટ પાર્કમાં પણ લઈ જશે અને જોબ તથા ઘર પણ બેલેન્સ કરશે. આટલું બધું કરવા છતાં એના સ્પા, પાર્લર સાથે કોઈ સમાધાન નહીં કરે. એ લઘરવઘર નહીં રહે. બાળકની એકઝામ વખતે કપાતા પગારે લીવ લઈ શકે છે તો ઓફિસનું કામ વધારે અગત્યનું હોય તો એ બીમાર બાળકને મૂકીને પણ જઈ શકે. આજની મમ્મીઓ પાસે બે નહીં અનેક પાંખો છે, બાળકની સાથે પોતાનું કામ અને પોતાના શોખ જાતે મેનેજ કરી શકે છે. સ્વતંત્રતા, આત્મનિર્ભરતા, આવડત અને હોંશિયારી, પરિવારનો સપોર્ટ આવી પાંખો મળી છે તેથી તે મુક્તપણે ઊડી શકે છે. ઈન્ટરનેટ દ્વારા નોલેજનો દરિયો એમની પાસે છે. બાળકના સંસ્કારના સંવર્ધન માટે સતત દોડતી રહે છે. આજની માતાઓ મહાન છે. ક્યાંની ક્યાં પહોંચી ગઈ છે.

તો વાચકમિત્રો! માલામાલ કરનારું તો કોઈ બીજું પાત્ર પણ કદાચ જડી જાય, ન્યાલ કરવામાં માતાની કમાલને કોઈ ન પહોંચે. જો 'ગોડ ઈઝ ગ્રેટ, તો મધર ઈઝ ગ્રેટર...!

પ્રશ્ન થાય છે આજની મમ્મીઓના ચાર હાથ છે? ના ચાર હાથ નથી પરંતુ જીવવાની, માણવાની, પામવાની અને જીતવાની ઝંખના ચાર ગણી છે. એની પાસે પોતાના જીવનનું સ્પષ્ટ ધ્યેય છે. જિંદગીમાં સેક્રિફાઈસ કરતાં 'એન્જોઈમેન્ટ' એમના માટે મહત્ત્વનું છે. બીજું તેઓ એજ્યુકેટેડ છે. વ્હીકલ ચલાવે છે. સારું નોલેજ ધરાવે છે. નિર્ણયો લેવામાં હિંમતવાન છે. મમ્મીઓનો હોંસલો અને સમાજની બદલાયેલી તાસીરે મધરહુડને વધુ પોઝિટિવ, લાઈવ અને મીનીંગફૂલ બનાવ્યું છે. એક દબાયેલી માતા કરતાં એક આનંદિત માતા બાળકને જીવનનો મર્મ વધુ પોઝિટિવ રીતે શીખવી શકે. તો મિત્રો, માતા જેવું છત્ર અને છાંયડો બીજે ક્યાંય નથી. માતા-પિતાની સેવામાં જ પૂજા-અર્ચના-સ્વર્ગ પુણ્ય બધું જ સમાયેલું છે. જગતની સૌ માતાઓને કોટિ કોટિ વંદના.

-હેપ્પી મધર્સ ડે.

## સુવર્ણરજ

'મા'નો અર્થ જોડણીકોશમાં જોવાનો નથી હોતો,
એ જીવનકોશમાં જોવાનો હોય.
'મા'નો એક જ અર્થ હોય છે...
અને તે છે માનો ચહેરો..''
- શ્રી સુરેશ દલાલ